# મસ્તીકી પાઠશાલા

–આશા વીરેન્દ્ર

રક્ષા અને મીતા બન્ને બાળપણની સખીઓ. લગ્ન થયાં પછી પણ નજીક નજીક રહેતી; પણ મળવાનું બહુ ઓછું બનતું. ઘર, વડીલો, પતી, બાળકો—બધાંની સંભાળ રાખવામાં શરુઆતનાં 17-18 વર્ષો વીતી ગયાં. એક દીવસ અચાનક બન્ને બહેનપણીઓ બજારમાં મળી ગઈ ત્યારે કંઈ કેટલીય વાતો નીકળી.

‘તું શું કરે છે? કોઈ ખાસ પ્રવૃત્તી?’

‘ના રે ના, કંઈ નહીં ! ઘરસંસારની જંજાળમાં હમણાં સુધી કંઈ કર્યું નહીં અને હવે જ્યારે સમય જ સમય છે, ત્યારે શું કરવું કંઈ સમજ પડતી નથી. એટલો ખાલીપો લાગે છે કે...’ મીતાએ કહ્યું.

‘મારું પણ એવું જ છે; પણ હમણાં હમણાં મને એવો વીચાર વારંવાર આવે છે કે, આમને આમ કુવામાં દેડકાની જેમ જીન્દગી પુરી થઈ જશે અને આપણે કોઈને માટે કશું કરી ન શક્યાં.’

‘એમ ! તો હજી ક્યાં મોડું થઈ ગયું છે ? ચાલ, આપણે બન્ને મળીને આપણને કંઈક કર્યાનો સંતોષ થાય અને સમાજને ઉપયોગી થાય એવું કશુંક કામ કરીએ.’

બન્ને બહેનપણીઓએ આસપાસની ઝુંપડપટ્ટીમાં રહેતાં બાળકોને ભેગાં કરીને એમને સ્વચ્છ રહેતાં શીખવવાનું, રમત રમાડવાનું, થોડું થોડું અંગ્રેજી ભણાવવાનું એવાં કામ શરુ કર્યાં. સાવ નાના પાયાથી શરુ થયેલાં કામોનો ધીમે ધીમે વીસ્તાર થતો ગયો. પહેલાં બે-પાંચ બાળકો માંડ આવતાં એને બદલે હવે 40-50 પર આંકડો પહોંચી જતો.

‘મીતા, અમારા મીત્ર નરેન્દ્રભાઈનાં લગ્નને 5 વર્ષ પૂરાં થાય છે. એ નીમીત્તે એમણે આપણાં બાળકો માટે વાપરવા 5000 રુપીયા આપ્યા છે.’

‘અરે વાહ ! મારી પાસે પણ થોડા થોડા કરીને પાંચ-છ હજાર ભેગા થયા છે. મારે પણ એ પૈસા બાળકો માટે જ વાપરવા છે. શું કરીએ તો બાળકોને મજા પડે ?’

‘મેં સાંભળ્યું છે કે, આ રીતે કોઈ ગ્રુપને લઈ જતું હોય તો ડેરીવાળા પોતાની બસ લેવા-મુકવા મોકલે છે. બાળકોને ત્યાં દુધ પણ પીવા મળશે.’

‘એ તો ઘણું સારું કહેવાય. બસનો ખર્ચ બચી જાય તો આપણે એમને માટે જમવાનું બનાવડાવી લઈએ અને રસ્તામાં એમને આઈસ્ક્રીમ પણ ખવડાવી શકીશું.’

‘હા, આઈસ્ક્રીમ તો જરુર ખવડાવવો છે. એક દીવસ એમને પુછ્યું હતું એટલે મને ખબર છે કે, મોટાભાગનાં બાળકોએ આજ સુધી આઈસ્ક્રીમ ચાખ્યો પણ નથી.’

મીતાએ નીસાસો નાખતાં કહ્યું, ‘સમાજનાં બે વર્ગો વચ્ચે કેટલી મોટી ખાઈ છે, નહીં રક્ષા ? આપણાં બાળકોને મેવા-મીઠાઈ મળે છે તોયે એ લોકો આ ભાવે છે ને આ નથી ભાવતું; એવા નખરા કરે અને આ લોકો એટલા અભાવો વચ્ચે જીવે છે કે બે ટંક પેટ ભરીને ખાવાય નથી મળતું.’

‘ચાલ, આટલી સીરીયસ ન થઈ જા. જે થોડુંઘણું શક્ય છે એ કરવાનો પ્રયત્ન કરીએ છીએ એટલી વાતનો સંતોષ માનવાનો. બરાબરને ?’ પછી તો ચાલીસેક નાનાં-મોટાં બાળકોને ફરવા લઈ જવાની તૈયારી

ચાલી. જે બાળકો આ ગ્રુપમાં નહોતાં આવતાં એ પણ પીકનીકનું નામ સાંભળીને તૈયાર થઈ ગયાં. ‘દીદી, અમને લઈ જશો ? અમારે પણ આવવું છે.’

કોઈને ના કહેવાનો જીવ ન ચાલ્યો એટલે આંકડો પહોંચ્યો પચાસે. મીતાના પતી રાકેશે કહ્યું, ‘આ તમે બહુ સારો વીચાર કર્યો છે. માટે હવે કોઈ વાતની કચાશ ન રાખશો ને ખર્ચા સામે તો જરાય નહીં જોતાં.’

તો વળી રક્ષાના પતીએ એને કહ્યું, ‘મને લાગે છે કે, આ બાળકોની સાથે તમારે આપણાં અને મીતાનાં છોકરાંઓને પણ લઈ જવાં જોઈએ. એ લોકોય બધું જુએ તો એમને ખ્યાલ આવે કે, આપણા પર પ્રભુની કેટલી કૃપા છે !’

‘આપણાં છોકરાંઓ ! ને વળી આ બાળકો સાથે આવે ? રામ, રામ ભજો ! સૌથી પહેલાં તમારી લાડકી રીંકી જ નાકનું ટીચકું ચઢાવશે.’

પણ શી ખબર કેમ, રક્ષાનાં બે અને મીતાનો એક એમ ત્રણે છોકરાંઓ પણ પીકનીકમાં જોડાવા તૈયાર થઈ ગયાં. વળી મીતાના ઘરે પરદેશથી આવેલા મહેમાનનો દીકરો જય કહે, ‘હું પણ આવવાનો !’ બસમાં બેઠાં ત્યારથી જય પાસેના સસલાના સોફ્ટ–ટૉય તરફ બાજુમાં બેઠેલો સંદીપ એકીટસે જોયા કરતો હતો. જયે સસલું એના ખોળામાં મુકી દીધું અને કહ્યું, ‘લે, આ તું રાખ, બસ ?’

સંદીપ તો ખુશખુશાલ. સસલાને પંપાળે, બચીઓ ભરે અને ખાવાનું ખવડાવવાનોય પ્રયત્ન કરે. ધીમે રહીને વીરલ એની પાસે આવીને બેસી ગયો અને એણે ધીમેકથી સંદીપને પુછ્યું, ‘મને થોડી વાર આ સસલું આપે છે ? રમીને પાછું આપી દઈશ.’ સંદીપે જરાય આનાકાની વીના એને સસલું આપી દીધું અને કહ્યું, ‘સારું, લે રમ.’ પછી તો સાંજ સુધી સસલું વીરલ પાસે જ રહ્યું. સંદીપ બીજી રમત રમતાં રમતાં એની પર નજર નાખી લેતો, એટલું જ. પાછાં ફરવા માટે બધાં બસમાં ગોઠવાવા લાગ્યાં. રક્ષા અને મીતા બન્નેને થયું કે, ‘ખલાસ ! સસલાભાઈના કબજા માટે બન્ને વચ્ચે નક્કી ઝઘડો થવાનો!’ પણ વીરલે આવીને સસલું સંદીપના હાથમાં મુકી દીધું અને ‘થેન્ક-યુ’ કહ્યું. જો કે, હજી પણ એની નજર પોતાના પ્રીય રમકડા પરથી ખસતી નહોતી અને એની આંખોમાં પોતાની પ્યારી ચીજથી છુટા પડવાની ઉદાસી પણ ડોકાતી હતી. સંદીપે વીરલને માથે પ્રેમથી હાથ ફેરવતાં કહ્યું, ‘તને આ સસલું બહુ ગમે છે ને, તો તું રાખી લે ! આમ પણ, તું મારા કરતાં નાનો છે ને, એટલે તારો હક પહેલો કહેવાય. ફરી એક વાર સંદીપને થેન્ક્યુ કહેતી વખતે વીરલની આંખોમાં હરખનાં આંસુ હતાં.

ઘરે પહોંચ્યા પછી પપ્પાને આજની આખા દીવસની વાતો કરતાં રીંકીએ ખાસ યાદ રાખીને સંદીપ અને વીરલની વાત કરી અને કહ્યું, ‘પપ્પા, સારું થયું. હું આ બધાં સાથે આજે પીકનીક પર ગઈ, તો મને સમજાયું કે, પોતાની પાસે થોડું-ઘણું જે કંઈ છે એમાં આ લોકો કેટલાં ખુશ છે ! આજે મને જીન્દગીનો સૌથી ઉપયોગી પાઠ શીખવા મળ્યો કે, સાચો આનંદ ‘મારું, મારું’ કરીને બધું આપણી પાસે રાખી મુકવામાં નહીં પણ બીજાને આપવામાં છે.’

રક્ષાને સ્નેહથી ભેટતાં એણે કહ્યું, ‘થેન્ક્સ મમ્મી ! આજે હું તમારી સાથે ન આવ્યો હોત તો ઘેર બેઠાં મને શી રીતે ખબર પડત કે મારી મમ્મી આટલું સુંદર કાર્ય કરી રહી છે !’ જરાક વીચાર કરતાં વળી પાછું

કંઈક યાદ આવતાં એણે મમ્મીને કહ્યું, 'મમ્મી ! તમારા આ ગ્રુપ માટે તમારે નામ જોઈતું હતું ને ? હું સજેસ્ટ કરું ? – 'મસ્તી કી પાઠશાલા'

–આશા વીરેન્દ્ર

('ભુમીપુત્ર' પાક્ષીકના દરેક અંકના છેલ્લે પાને નીયમીત પ્રકાશીત થતી વાર્તાઓમાંની એક વાર્તા)

'હરીશ્ચન્દ્ર' બહેનોના નીધન બાદ, વડોદરાથી પ્રકાશીત થતા પાક્ષીક 'ભુમીપુત્ર'ના છેલ્લા પાન પર આવતી વાર્તાઓ, હવેથી બહેન આશા વીરેન્દ્ર લખે છે. તે અંતર્ગત પ્રકાશીત થઈ ચુકેલી વાર્તાઓમાંથી પસંદ કરેલી ચાળીસ વાર્તાઓનો બીજો વાર્તાસંગ્રહ 'તર્પણ' : (પ્રકાશક : પારુલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન, હીંગળાજ માતાની વાડીમાં, હુઝરાતપાગા, વડોદરા–390 001 ફોન : 0265-243 7957 પાનાં : 128, મુલ્ય રુપીયા–60), ઑક્ટોબર 2014માં પ્રકાશીત થયો. તેમાંની 37મી આ વાર્તા, પાન 115થી 117 ઉપરથી લેખીકાબહેનની પરવાનગીથી સાભાર..

સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર

બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર , વલસાડ– 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: અગીયારમું – અંક: 330 – September 06, 2015

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 3,15,10,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 46,20,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,65,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,68,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@